ગુજરાત સરકાર

હુકમ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/એસસીએ-૦૯/બ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.ગાંધીનગર.

તા.૦૧/૦૪/૨૦૧૯

આમુખ:-

1. નામદાર ગુજરાત હાઈકોર્ટની એસ.સી.એ.નં.૪૦૪૮/૨૦૧૨ નાં કેસમાં આપેલ ૨૨/03/૨૦૧૮ નાં રોજનું જજમેન્ટ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૯/૧૬૫૨/બ, તા. ૧૩/૧૧/૨૦૦૯
3. સચિવશ્રીની અધ્યક્ષતામાં એસ.સી.એ.નં.૪૦૪૮/૨૦૧૨ ના ચૂંકાદા અન્વયે થયેલ સુનવણીની તા.૭/૨/૨૦૧૯ ના રોજની કાર્યવાહી નોંધ.
4. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક:આઈસીડીએસ/મકમ-૧/ફા.નં.૨૬૯/૨/ એસસીએ૪૦૪૮/૨૦૧૨/વશી/૨૮૯/૨૦૧૯, તા.૨૮/૨/૨૦૧૯
5. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક:આઈસીડીએસ/મકમ/૧/ફા.ન.૨૬૯/૨/ SCA 4048/૨૦૧૨/વશી /૨૦૧૯, તા.૨૯/03/૨૦૧૯

પ્રસ્તાવના:-

આમુખ (૧) થી આપેલ ચૂકાદામાં નામદાર હાઈકોર્ટ દ્વારા નિર્દેશ કરેલ છે કે, "આખી મેટરને ફરીથી ચકાસવી, પીટીશનર, શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ તેમજ રીસ્પોન્ડન્ટ નં. ૫, શ્રીમતી વર્ષાબેન એમ. સોલંકીની લાયકાત તપાસવી. ૭/૧/૨૦૧૨ નું પંચનામુ તથા ૧૪/૦૨/૨૦૧૨ નું પ્રમાણપત્ર ચકાસવું અને આ અન્વયે પીટીશનર તથા રીસ્પોન્ડન્ટ નં.૫ ને રજૂઆતની યોગ્ય તક આપ્યા બાદ યોગ્ય આદેશો કરવા. જો રીસ્પોન્ડન્ટ નં.૫ ગેરલાયક ઠરે તો એમને નજીકની સમાન જગ્યા પર મુકવા, કારણ કે તેઓ એ જગ્યા પર ૭ વર્ષથી નોકરી કરે છે. જો આંગણવાડી વર્કરની જગ્યા ખાલી ન હોય તો એમને સમાન જગ્યાનું વેતન આપવું."

આમુખ (૨) થી આંગણવાડી કાર્યકર અને તેડાગરની પસંદગી માટેના નિયમો બનાવેલ છે, જેના નિયમ નં.૩ પ્રમાણે સ્થાનિક ઉમેદવારના શીર્ષક હેઠળ "આંગણવાડી કેન્દ્ર જે ગામ કે શહેરના ફળીયા, પરા, વોર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા હોય એવા સ્થાનિક ઉમેદવારની જ પસંદગી

કરવાની રહેશે." એવી જોગવાઈ કરવામાં આવેલ છે. નિયમ નં. ૬.૪ મુજબ, "અરજી કરેલ તમામ ઉમેદવારોની શૈક્ષનિક લાયકાત મુજબની (મેરીટ લીસ્ટ) અગ્રતાક્રમ યાદી તૈયાર કરવા અને યોગ્ય ઉમેદવારોની પસંદગી માટે તાલુકા કક્ષાએ પસંદગી સમિતિની રચના કરવ.ની રહેશે, જેમાં જે તે જિલ્લાના પ્રોગ્રામ અધિકારીશ્રી અધ્યક્ષ, તાલુકા વિકાસ અધિકારીશ્રી સભ્ય અને બાળ વિકાસ યોજના અધિકારીશ્રી સભ્યસચિવ રહેશે. આમ, આંગણવાડી કાર્યકરની પસંદગી જિલ્લા કક્ષાએ કરવામાં આવે છે.

આમુખ (૩) થી ઉક્ત ચુકાદા અન્વયે સચિવશ્રીની અધ્યક્ષતામાં સુનવણી રાખવામાં આવી હતી, જેમાં, નિયામકશ્રી (આઈસીડીએસ), નાયબ સચિવશ્રી (મ.બા.ક.), પ્રોગ્રામ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, શ્રીમતી નીતાબેન ડી રાઠોડ (પીટીશનર) અને શ્રીમતી વર્ષાબેન એમ. સોલંકી (રીસ્પોન્ડન્ટ નં.૫) હાજર રહ્યા હતા. સચિવશ્રીએ રૂબરૂમાં શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ અને શ્રીમતી વર્ષાબેન એમ. સોલંકીને સાંભળ્યા બાદ એ અંગેનું એમનું લેખિત નિવેદન લેવામાં આવ્યું. આંગણવાડી કાર્યકરની ભરતીની કામગીરી જિલ્લા કક્ષાએ થતી હોય નામદાર હાઈકોર્ટના ચુકાદા અંતર્ગત પુરતી તપાસ કરી શ્રીમતી નીતાબેન ડી. રાઠોડની લાયકાત બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર પાસેથી સ્પષ્ટ અભિપ્રાય સાથે વિભાગ દ્વારા અહેવાલ મંગાવવામાં આવ્યો હતો.

આમુખ (૪) થી જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર દ્વારા જણાવેલ છે કે, "બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, લીંબડી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીંબડીના તા.૨૭/૨/૨૦૧૯ ના સંયુક્ત રીપોર્ટ અનુસાર તેઓના તા.૧૨/૨/૨૦૧૯ ના રોજ બોરણા ગામે સ્થળ મુલાકાત લીધેલ હતી અને શ્રીમતી નીતાબેન રાઠોડના રહેઠાણ બાબતે ચકાસણી કરી અહેવાલ આપેલ છે તેમજ તલાટી કમ મંત્રી બોરણાનું તા.૧૨/૨/૨૦૧૯ ના પ્રમાણપત્ર અનુસાર પણ શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ બોરણા ગામે રહેઠાણ કરતા નથી. જેના આધારે "શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ આંગણવાડી કાર્યકરની લાયકાત ધરાવતા નથી" એવો જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર દ્વારા અભિપ્રાય આપવામાં આવેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે નિર્દેશ કર્યા મુજબ ૭/૧/૨૦૧૨ નું પંચનામુ તથા ૧૪/૦૨/૨૦૧૨ નું પ્રમાણપત્ર ચકાસવાનું થાય. તા.૭/૧/૨૦૧૨ ના તલાટી-કમ-મંત્રીની સહીથી પ્રમાણિત પંચનામા મુજબ "શ્રીમતી નીતાબેન ડી રાઠોડ બોરણા ગામમાં કાયમી વસવાટ કરે છે" એવું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. તા.૧૪/૨/૨૦૧૨ ના તલાટી-કમ-મંત્રીશ્રી તથા સરપંચશ્રીના સંયુક્ત દાખલાથી "શ્રીમતી નીતાબેન ડી રાઠોડ બોરણા ગામ ખાતે વસવાટ કરે છે" એવું જણાવેલ છે. વધુમાં શ્રીમતી નીતાબેન રાઠોડે સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત થયા સમયે બોરણા ગામના રહેવાસીના પુરાવા તરીકે આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, બોરણા ગ્રામ પંચાયતના સરપંચશ્રીનો દાખલો અને ૨૦૧૯ની

લીંબડી વિધાનસભા મત વિભાગની મતદારયાદી રજુ કરેલ હતી. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી, સુરેન્દ્રનગર પાસેથી પુન: સ્પષ્ટતા માંગેલ હતી.

આમુખ (૫) થી જિલ્લા વિકાસ અધિકારીના અભિપ્રાય સહિતના અહેવાલમાં જણાવેલ છે કે , "સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જણાવ્યા મુજબ તા:૭/૧/૨૦૧૨ નુ પંચનામુ તથા તા:૧૪/૨/૨૦૧૨ ના પ્રમાણપત્ર અંગે તા:૨૨/3/૨૦૧૯ ના પત્રથી તલાટી કમ મંત્રી દ્વારા જણાવેલ છે કે શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ સ્થળ ચકાસણી સમયે ત્યા રહેતા નથી કે વસવાટ કરતા નથી તેવુ માલુમ પડેલ છે. તે અંગેનુ તા:૧૨/૨/૨૦૧૯ નુ પંચ રોજકામ અને તા:૨૨/3/૨૦૧૯ નો સરપંચનો દાખલો આધાર તરીકે રજુ કરેલ છે.

બાળવિકાસ યોજના અધિકારીશ્રી લીબંડી દ્વારા પત્રથી જણાવેલ છે કે શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ દ્વારા રજુ થયેલ પુરાવાઓ સાચા છે. પરંતુ તેમના રહેણાક બાબતે આંગણવાડી સર્વે રજીસ્ટર લીંબડી કેન્દ્ર નં.૧૭ ખારાવાસમાં વર્ષ ૨૦૧૦ થી તા.૧૨/૦૨/૨૦૧૮ થી નોંધાયેલ સર્વેમાં શ્રી નીતાબેન ડી. રાઠોડનું નામ નોંધાયેલ છે. સગર્ભા ધાત્રી સેવા રજીસ્ટર પણ નામ નોંધાયેલ છે. THR વિતરણ રજીસ્ટરમાં ૨૦૧૦ ના લાભાર્થી તરીકે પણ ઉક્ત કેન્દ્રમાં નામ નોંધાયેલ હતું. આ પરથી ફલિત થાય છે કે શ્રીમતી નીતાબેન ડી રાઠોડ લીંબડી ખાતે ખારાવાસ વિસ્તારમાં વસવાટ કરે છે. તા.૮/૫/૧૧ ના દાખલાથી શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ લીંબડી, ખારાવાસ ખાતે વસવાટ કરે છે એવું ચીફ ઓફિસરશ્રીએ જણાવેલ છે.

સદરહું બાબતે ઉક્ત મુદ્દાઓ પરથી તાલુકા વિકાસ અધિકારીશ્રી અને બાળ વિકાસ યોજના અધિકારીશ્રી લીંબડી ના સયુંક્ત સ્વંયમ સ્ટષ્ટ અભિપ્રાય સાથે રજુ કરેલ આધાર પુરાવા તેમજ તલાટી કમ મંત્રીશ્રીનો અભિપ્રાય સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવેલ છે કે શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ વર્ષ ૨૦૧૦ થી લીંબડી મુકામે ખારાવાસ વિસ્તારમાં રહેણાક ધરાવે છે અને વસવાટ કરે છે અને હાલની સ્થિતિએ બોરણા ગામે વસવાટ કરતા નથી એવું સાબિત થાય છે. આમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ આંગણવાડી કાર્યકર તરીકે લાયકાત ધરાવતા નથી એવો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

શ્રીમતી વર્ષાબેન પી. સોલંકી ધોરણ ૧૦ પાસ છે તથા બોરણા ગામના વતની છે. આમ આંગણવાડી કાર્યકર તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોઈ તથા સ્થાનિક વિસ્તારમાં વસવાટ કરતા હોઈ તેઓની જે તે સમયે આંગણવાડી કાર્યકર તરીકે કરેલ પસંદગી યથાવત રાખવા યોગ્ય છે.

હુકમ:-

આંગણવાડી કાર્યકરની લાયકાત અંગેનો નિર્ણય જિલ્લા કક્ષાએ લેવાનો હોય છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અભિપ્રાય મુજબ શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ બોરણા ગામે રહેઠાણ કરતા નથી, માટે આંગણવાડી કાર્યકરની લાયકાત ધરાવતા નથી. આથી શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ આમુખ (૨) ના નિયમ નં.૩ મુજબ આંગણવાડી કાર્યકરની લાયકાત ધરાવતા નથી. આથી બોરણા ગામે શ્રીમતી વર્ષાબેન પી. સોલંકીને આંગણવાડી કાર્યકર તરીકે યથાવત રાખવામાં આવે છે એવો હુકમ કરવામાં આવે છે.

અંકિતા ક્રિશ્ચિયન
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર.
4. પ્રોગ્રામ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર.
5. શ્રીમતી નીતાબેન ડી. રાઠોડ, પીટીશનરશ્રી
6. શ્રીમતી વર્ષાબેન એમ. સોલંકી, રીસ્પોન્ડન્ટ નં.૫
   (5–6) પ્રોગ્રામ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર મારફત
7. શાખા સિલેક્ટ ફાઈલ.
8. લીગલ સેલ.